વિશાલ સાઈ જાગરણ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નીકળી

■ સદ્‌ગુરુ વેલફેર ગ્રુપ દ્વારા સુરતમાં રવિવારે વેસુ, ઠાકોરજીની વાડી ખાતે આયોજીત વિશાલ સાઈ જાગરણની પૂર્વ સંધ્યાએ શનિવારે સાઈબાબાની વિશાળ શોભાયાત્રા નીકળી હતી. જેમાં સાઈની પ્રતિમા સાથે જગન્નાથપુરીનું દર્શન કરાવવામાં આવ્યું હતું. ગ્રુપના સોનુ ચોપડા, અજય ગુપ્તા, વિકાસ નંદવાની, નારાયણ, નવીન અગ્રવાલ, અમીત જિંદલે આયોજનમાં જહેમત ઉઠાવી હતી.

બાટલાની અછત નથીની સરકારી જાહેરાતોની પોલ ખૂલી ગઈ

ગેસના બાટલા નહીં મળતાં સમૂહલગ્નની રસોઈ ચૂલા પર બની!

બાટલાના અભાવે રાતોરાત 2 ટન લાકડાં મંગાવી ખાડા ખોડી ચૂલા બનાવવા પડ્યા

સુરતઃ એક તરફ સરકાર દ્વારા કોમર્શિયલ ગેસના બાટલાની અછત નહીં હોવાની જાહેરાતો કરવામાં આવી રહી છે અને બીજી તરફ સુરતમાં ગોડાદરા ખાતે ઉત્તર ભારતીય સમૂહ વિવાહ સમિતી દ્વારા આયોજીત સમૂહલગ્નોત્સવમાં કોમર્શિયલ ગેસના બાટલા જ નહીં મળતા સમિતિએ રાતોરાત મેદાનમાં ખાડા ખોદીને આસપાસના ગામડાઓમાંથી 2000 કિલો લાકડાઓ મંગાવીને રસોઈ કરવી પડી હતી! આ ઘટનાને પગલે સરકારના દાવાઓ ખોખલા સાબિત થયા હતા.

મહેમાનોને જમાડી દીધા પરંતુ આ ઘટનાને પગલે સરકારની સબ સલામતની ગુલબાંગો છતી થઈ ગઈ હતી. સરકાર દ્વારા એવી જાહેરાતો કરાઈ રહી છે કે ગેસના બાટલાની કોઈ જ સમસ્યા નથી અને બીજી તરફ આ સમૂહલગ્નોત્સવમાં જે રીતે રાતોરાત લાકડાના ચુલા તૈયાર કરવા પડ્યા તેણે હાલની ગેસના પુરવઠાની સ્થિતિ છતી કરી દીધી છે.

મુખ્ય મહેમાન ભાજપના આગેવાનોને બાટલા નહીં મળતા હોય તો સામાન્ય લોકોનું શું?

સામાન્ય રીતે રાજકીય આગેવાનોને બોલાવવાનો હેતુ એવો હોય છે કે આયોજનમાં તેમની મદદ લઈ શકાય પરંતુ આ સમૂહલગ્નોત્સવમાં સુરત ભાજપના ટોચના આગેવાનથી શરૂ કરીને ધારાસભ્યોથી માંડી ભાજપના મોટાભાગના તમામ આગેવાનોને મુખ્ય મહેમાન તરીકે બોલાવવામાં આવ્યા હોવા છતાં પણ સમિતિને ગેસના બાટલાઓ મળી શક્યા નહોતા. જેણે ભારે આશ્ચર્ય સર્જ્યું હતું.

સંક્ષિપ્ત સમાચાર

રાણા સમાજ દ્વારા ગુજરાતભરના વકીલોનું સંમેલન સુરતમાં યોજવામાં આવ્યું

સુરતઃ શ્રી અખિલ ભારત રાણા સમાજ અને શ્રી સુરત રાણા સમાજ મહિલા ફોરમ-યુવા ફોરમના સંયુક્ત ઉપક્રમે, ગુજરાતભરના વકીલોનું સંમેલન તા. 14 માર્ચ 2026ના રોજ શ્રી મોઢ પટણી વણિક પંચની વાડી, લાલ દરવાજા, સુરત મુકામે યોજાયું હતું. આ કાર્યક્રમમાં 270 જેટલા વિવિધ પ્રકારની વકીલાતોનો વ્યવસાય કરતા એડવોકેટે ભાગ લીધો હતો. જેમાં ધારાસભ્ય અરવિંદ રાણા, પૂર્વ મંત્રી અને પૂર્વ સ્પીકર રાજેન્દ્રભાઈ ત્રિવેદી, સુરત જિલ્લા કોર્ટના મુખ્ય સરકારી વકીલ નયનભાઈ સુખડવાલા, શ્રી અખિલ ભારત રાણા સમાજના પ્રમુખ દિપકભાઈ કાશીરામભાઈ રાણા, સુરત રાણા સમાજના પ્રમુખ નવીનચંદ્ર હીરાલાલ જરીવાળા, મહિલા ફોરમના પ્રમુખ ચંપાકલીબેન જરીવાળા, યુવા ફોરમના અનયભાઈ જરીવાળા, મહામંત્રી વિજયભાઈ જરીવાળા, એડવોકેટ પી.ટી. રાણા, આરએસએસના સુરતના સર સંઘ સંચાલક સુધાકરભાઈ માસ્તર, શ્રી અખિલ ભારત રાણા સમાજના મહામંત્રી નવીનચંદ્ર ચપડીઆએ વિવિધ વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં વકીલોનો પરિચય આપતી તથા વિવિધ વિષયો અને ઇન્ડિયન પીનલ કોડને આવરી લેતી વિગતોની સ્મરણિકાનું વિમોચન કરાયું હતું.

બેગમપુરા, વડવાળી શેરીમાં મઠ ખાતે સ્વામી સમર્થ મહારાજનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાશે

સુરત : આગામી ચૈત્રી સુદ બીજે બેગમપૂરા વડવાળી શેરીમાં ગુરુમહારાજ સ્વામી સમર્થજીનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાશે. જેમાં શ્રદ્ધા પૂજા બાદ સવારે ૬/૩૦ કલાકે કેસર સ્નાન, સવારે 7 કલાકે દત્તયાગ, સવારે 8 કલાકે લઘુરૂદ્ર, સવાંજે 6 કલાકે મહા આરતી અને રાત્રે 7 કલાકે મહા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે તેમ મંદિરના કર્તાહર્તા રવિભાઈ રાણાએ જણાવ્યું છે.

અહિંસા ધર્મ જ નથી, આપણું જીવન બનવું જોઈએઃ જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી

સુરતઃ પાલઘર જિલ્લાના બોઈસરમાં શ્રી જૈન ઉપાશ્રય ટ્રસ્ટ આરાધના ભવનમાં જૈનસંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ અને પં. કલ્પવલ્લભ વિજયજી મહારાજની પધરામણી થઈ હતી. આ પાવન અવસરે ધર્મસભાને સંબોધતા આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, અહિંસા એ માત્ર ધર્મ જ નથી, અહિંસા આપણું જીવન બનવું જોઈએ. અહિંસાના આદર્શો માત્ર વિશ્વને બતાવવા માટે નથી, અહિંસાનું આચરણ રોજબરોજના જીવનમાં વણાઈ જવું જોઈએ. બ્રિટીશરોએ આજ દિવસ સુધી 'ડિવાઈડ એન્ડ રુલ્સ'ની નીતિ જ અખત્યાર કરી છે. અમેરિકા, રશિયા, ચીન, કેનેડા, પાકિસ્તાન અને અખાતી દેશો આ જ કામ કરી રહ્યા છે. પરસ્પર એકબીજાને લડાવો અને જગતના જમાદાર બનીને જલશા કરો. કોઈપણ સમસ્યા માટે હિંસા એ કોઈ ઉકેલ નથી. શસ્ત્રો ઉગામવા એ કોઈ શૂરવીરતા નથી.

SASCMA કોલેજમાં વાર્ષિક સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું

સુરત : SASCMA કોલેજમાં વાર્ષિક સમારોહનું ભવ્ય આયોજન સુરતના પીપલોદ સ્થિત SASCMA કોલેજમાં 13 માર્ચ 2026ના રોજ વાર્ષિક સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રજ્વલન અને સરસ્વતી વંદના સાથે થઈ હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સંગીત, નૃત્ય, માઇમ સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને પોતાની પ્રતિભા પ્રદર્શિત કરી હતી. કાર્યક્રમ દરમિયાન કોલેજના પ્રિન્સિપાલ ડો. આશિષ દેસાઈએ પણ પોતાના મધુર અવાજથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

શ્રી સુમોવ સમસ્ત પંચ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરાઈ

સુરતઃ શ્રી સુરતી મોઢ વણિક સમસ્ત પંચ તરફથી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં મહિલા આગેવાનો રમીલાબેન ઓલીયાવાલા, મીનાક્ષીબેન બોડાવાલા, ભાનુબેન લાપસીવાલા, અનુરાધાબેન જરીવાળાનું સન્માન કરી તેઓની વર્ષો-વર્ષની સેવાઓને બિરદાવવામાં આવી હતી. ઉપરાંત તમામ મહિલા મંડળના અન્ય હોદ્દેદારો, કારોબારી સભ્યોની હાજરીમાં સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી.

ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ દ્વારા જરૂરતમંદ લોકોને ફ્રી અનાજ કિટ અપાઈ

સુરતઃ ખ્વાજા ગરીબ નવાઝ વેલ્ફેર ટ્રસ્ટ તરફથી મોહમદ પેગમ્બર સાહેબના પત્ની ઉમ્મુલ મોઅમેનીન હઝરત આઈસાની યાદમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ટ્રસ્ટ તરફથી તા. ૦૭/૦૩/૨૦૨૬ શનિવારે સાંજે ૬ કલાકે ૬૩ જરૂરતમંદ લોકોને ફ્રી અનાજ કિટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ખ્વાજા ગરીબ નવાઝ વેલ્ફેર ટ્રસ્ટના પ્રમુખ આસીફભાઈ ચીડીમાર, ઉપપ્રમુખ શબ્બીરભાઈ દડા, સેક્રટરી ફૈયાઝભાઈ ચીડીમાર, હસન ચીડીમાર, કાદરભાઈ, અબ્બાસભાઈ શેખ વિગેરેએ જહેમત ઉઠાવી હતી.

અખિલ હિન્દ મહિલા પરિષદ દ્વારા સભ્યો માટે હાસ્ય મહોત્સવનું આયોજન

સુરતઃ અખિલ હિન્દ મહિલા પરિષદ સુરત શાખાના ઉમંગ પ્રકલ્પ દ્વારા સભ્ય બહેનો માટે હાસ્યોમહોત્સવનું આયોજન થયું હતું. જેમાં કમલેશભાઈ મસાલાવાળા તથા સુમનભાઈ દ્વારા હાસ્યયોગા દ્વારા સભ્યોને હાસ્યનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. અધ્યક્ષ વર્ષાબેન ઠક્કર દ્વારા અન્ય માહિતી આપવામાં આવી હતી.

ગુજરાત સ્ટેટ ઇન્ડોર રોવિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૬માં ભાગ લેવા માટે સંપર્ક કરો

સુરતઃ સુરતમાં પીપલોદ ખાતે આગામી તા.19મી માર્ચના રોજ ગુજરાત સ્ટેટ ઇન્ડોર રોવિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૬નું આયોજન થનાર છે. ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાંથી આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ખેલાડી ભાઈ બહેનો આવનાર છે. સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓની પસંદગી રાષ્ટ્રીયકક્ષા માટે થશે. ભાગ લેનાર ખેલાડીઓએ ડો.પરીક્ષિત ઇચ્છાપોરીયા, સેક્રેટરી, રોઇંગ એસોસીએશન - ગુજરાતનો સંપર્ક કરવા માટે જણાવાયું છે.

ફેમિલી કોર્ટમાં લોક અદાલતના માધ્યમથી બે દંપતી કડવાશ ભૂલી એક થયા

અડાજણનાં પતિની છુટાછેડાની અરજી અને પત્નીનો સાથે રહેવાના દાવામાં સમાધાન

કોસાડનું દંપતી એક થતાં બે બાળકને માતા-પિતાની ફરી છત્રછાયા મળી

સુરતઃ લાંબા સમયથી પોતાના પક્ષમાં ન્યાય માટે ઝઝુમતાં બે દંપતી લોક અદાલતનાં માધ્યમથી ફરી એક થયા હતા. સુરત ફેમિલી કોર્ટમાં યોજાયેલી લોક અદાલતમાં રજૂ થયેલા આ કેસમાં વકીલ પ્રીતિ જોષી, વકીલ ટીના શર્મા સહિતના વકીલોની સમજાવટ બાદ આ દંપતીએ ફરીથી ઘરસંસારમાં પાછા ફરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ કેસ ૨૦૨૨માં લગ્નગ્રંથિથી જોડાયેલા અડાજણના દંપતી વચ્ચે સામાન્ય બાબતોમાં તકરારો ઊભી થતાં ખૂબ જ ટૂંકા સમયમાં બંને પરિવાર વચ્ચે કડવાશ ઊભી થઈ ગઈ હતી અને આ દંપતી અલગ થયા હતા. ત્યારબાદ પતિએ પત્ની સાથે છૂટાછેડા લેવા માટે ફેમિલી કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જ્યારે પત્નીએ લગ્ન હક્કોના પુનઃ સ્થાપન માટે એટલે કે પતિ સાથે રહેવા જવા દાવો દાખલ કર્યો હતો. આ કેસમાં બંને પક્ષના વકીલોએ લોક અદાલતના માધ્યમથી આ દંપતીને સમજાવવામાં સફળ થયા હતા.

બીજા કોસાડના એક દંપતીનાં કેસમાં ભૂતકાળની કડવાશ ભૂલવા માટે તૈયાર થતાં આ દંપતી પણ લોક અદાલતનાં માધ્યમથી એક થયું હતું. આ દંપતિના લગ્ન ૨૦૧૪માં થયા અને ૨૦૨૫મા ઘરકંકાસને કારણે અલગ થયા હતા. પત્નીએ વકીલ મારફતે ફેમિલી કોર્ટમાં છૂટાછેડા માટેની અરજી રજૂ કરી હતી. ફેમિલી કોર્ટે આ બંને પક્ષકારોને સમધાન માટે સમજાવતા આ દંપતી તૈયાર થયું હતું અને દંપતી એક થતાં બે બાળકોને માતાપિતાની છત્રછાયા મળી છે.

અલથાણમાં બેફામ થાર કારે મોર્નિંગ વોક પર નીકળેલા વૃદ્ધને કચડી નાંખ્યા

મૃતકના મોટાભાઈને પગ સહિત શરીરમાં આઠ ફ્રેક્ચર સાથે હોસ્પિટલમાં સારવાર હેઠળ

સુરતઃ અલથાણ વિસ્તારમાં વહેલી સવારની નિયમિત વૉક માટે નીકળેલા બે વૃદ્ધ ભાઈ માટે સવાર દુર્ભાગ્યપૂર્ણ બની હતી. વેસુ વી.આઈ.પી. રોડ નજીક બેફામ ઝડપે દોડતી થાર કારની ટક્કરથી નાના ભાઈનું મોત થયું છે, જ્યારે મોટા ભાઈ ગંભીર ઈજા પહોંચી હતી.

રાજસ્થાનના નાગોર જિલ્લાના જવલંતગઢમાં રહેતા ૬૭ વર્ષીય નવરંગલાલ રામકુમાર જાજુ થોડા દિવસ પહેલાં પોતાના મોટા ભાઈ તોલારામ જાજુ (ઉ.વ.૭૧) ને મળવા માટે સુરતના અલથાણ વિસ્તારમાં આવેલા પોહાર રેસિડેન્સીમાં આવ્યા હતા. બંને ભાઈને સવારે ચાલવા જવાની ટેવ હોવાથી તેઓ શુક્રવારે સવારે ઘર નજીક ચાલવા નીકળ્યા હતા. જ્યારે તેઓ વેસુ વી.આઈ.પી. રોડ પર કિયા કારના શોરૂમ સામે સર્વિસ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ત્યાંથી પસાર થતી થાર મહેન્દ્રા કારના ચાલક ભૂષણ વાનખેડેએ બેફામ ઝડપે કાર હંકારી બંને ભાઈને અડફેટે લીધા હતા. અકસ્માત બાદ આસપાસના લોકો તરત જ બંનેને નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. પરંતુ ત્યાં ફરજ પરના તબીબે નવરંગલાલ જાજુને મૃત જાહેર કર્યા હતા. જ્યારે મોટા ભાઈ તોલારામ જાજુને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. તેમના પગ સહિત શરીરના વિવિધ ભાગોમાં આશરે આઠ જેટલા ફ્રેક્ચર હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત અંગે અલથાણ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. કારચાલકની બેફામ ડ્રાઈવિંગને લઈને પોલીસ દ્વારા જરૂરી કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

અઠવાડિયા પહેલાં જ રાજસ્થાનથી સુરત ભાઈને મળવા આવ્યા હતા

નવરંગલાલ જાજુ રાજસ્થાનમાં ગિફ્ટ આર્ટિકલની દુકાન ચલાવતા હતા. તેઓ ૯ માર્ચે સુરત પોતાના ભાઈને મળવા આવ્યા હતા. પરિવારજનોના જણાવ્યા મુજબ થોડા સમય પહેલાં જ ડિસેમ્બર મહિનામાં તેમની પત્નીનું અવસાન થયું હતું. તેમને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે.

શહેરમાં પ્રથમવાર વોકેશનલ વિષયોની બોર્ડ પરીક્ષા યોજાઈ

સુરતઃ શહેરમાં બોર્ડ પરીક્ષાના અંતર્ગત આ વર્ષે પહેલી વખત વોકેશનલ વિષયોની પરીક્ષા યોજાતા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને ધોરણ 10 અને ધોરણ 12ના વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધોરણ 10માં હેલ્થ કેર, બ્યુટી એન્ડ વેલનેશ, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ હાર્ડવેર, એગ્રીકલ્ચર, અપેરલ મેડ અપ એન્ડ હોમ ફર્નિશિંગ, ઓટોમેટિવ, બેન્કિંગ, ફાયનાન્સિયલ સર્વિસ એન્ડ ઈન્સ્યોરન્સ, ફૂડ પ્રોસેસિંગ, આઈ.ટી.-આઈ.ટી.ઈ.એસ, પ્લમ્બર, સ્પોર્ટ્સ-ફિઝિકલ એજ્યુકેશન ફિટનેસ એન્ડ લેઝર તથા પાવર જેવા વોકેશનલ વિષયોની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં કુલ 4689 વિદ્યાર્થી નોંધાયા હતા. જેમાંથી 4619 વિદ્યાર્થી પરીક્ષામાં હાજર રહ્યા હતા, જ્યારે 70 વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા.

૨૧ વર્ષના યુવકને લોક અદાલતના માધ્યમથી ૨૬.૫૦ લાખ મળ્યા

છ મહિના પહેલાં માર્ગ અકસ્માતમાં ઈજા પામનાર યુવક ટીકાંત વસાવાએ વીમા કંપની સામે રૂપિયા ૩૦ લાખનો વળતર દાવો કોર્ટમાં માંડ્યો હતો. તા. ૯-૨-૨૫ના રોજ ઉમરપાડાનાં રાણીકુંડ પાસે બોલેરો ગાડીએ ફરિયાદીને અડફેટે લીધો હતો. આ કેસ આજે લોક અદાલતમાં રજૂ થતાં ફરિયાદી પક્ષના વકીલ અને વીમા કંપનીનાં વકીલ સુહેલ દેસાઈ સહિતનાં પક્ષકારોની બેઠક થઈ હતી. જેમાં વીમા કંપનીએ ઈજા પામનાર યુવકને ૨૬.૫૦ લાખ વળતર પેટે ચૂકવવા તૈયાર થતાં બંને પક્ષ વચ્ચે સમાધાન થયું હતું અને માત્ર છ મહિનામાં કેસનો નિવેડો આવ્યો હતો.

માર્ગ અકસ્માત કેસમાં મૃતકના પરિવારને ૬૧ લાખના બદલે ૬૪ લાખ મળ્યા

માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનારના પરિવારની ૬૧ લાખના વળતર દાવા સામે વીમા કંપનીએ ૬૪ લાખ આપ્યા હતા. આજે લોક અદાલતમાં આ કેસ રજૂ થતાં ફરિયાદ પક્ષે વકીલ રાજેશસિંહ મહેન્દ્રકર અને વીમા કંપની તરફથી સુહેલ દેસાઈએ પક્ષકારો વચ્ચે સમાધાન કરાવ્યું હતું. આ કેસની વિગત એવી હતી કે તા. ૧૨-૬-૨૦૨૧ ના રોજ રાતના ૧૧ વાગ્યાના સુમારે દિલીપકુમાર પોતાની બાઈક પર સુરત ધુલીયા હાઇવે રોડ, કડોદરા જેસલ મિલ પાસેથી પસાર થતાં હતા ત્યારે મહેંન્દ્રા પિકઅપ નં.- જીજે/૨૧/એએ/૨૮૫નાં ચાલકે અડફેટે લેતાં દિલીપકુમારનું મુત્યુ થયું હતું. જ્યારે પાછળ બેઠેલાં શંકર શાહને પણ ગંભીર ઇજા થઇ હતી. મૃતકની પત્ની જ્ઞાનતીબેને ૬૧ લાખના વળતરનો દાવો બારડોલી કોર્ટમાં કર્યો હતો. જે કેસમાં આજે લોક અદાલતમાં સુખદ સમાધાનથી નિકાલ થયો હતો.

સરથાણામાં મનપાના વાહન અડફેટે યુવકનું મોત

સુરતઃ સરથાણા પ્રાણી સંગ્રહાલય સામે મનપાના કચરાના ટેમ્પોની ટક્કર લાગતાં દૂધની ડિલિવરી માટે નીકળેલા યુવકનું કરૂણ મોત થયું છે.

મળતી માહિતી મુજબ મૂળ રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના વતની અને હાલ કોસમાડા ગામમાં આવેલી ગૌશાળામાં રહેતા ૩૮ વર્ષીય દાનાભાઈ સનાભાઈ ગૌશાળામાંથી દૂધ ભરવાનું અને શહેરમાં દૂધની ડિલિવરી કરવાની કામગીરી કરતા હતા.

શનિવારે સવારે દાનાભાઈ રોજની જેમ દૂધની ડિલિવરી આપવા માટે બાઈક લઈને નીકળ્યા હતા. ત્યારે અચાનક મનપાનો કચરાનો ટેમ્પો બેફામ ઝડપે આવી તેમને અડફેટે લઈ ગયો.

અકસ્માતમાં દાનાભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા આસપાસના લોકોએ તરત જ તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યા હતા. પરંતુ ત્યાં ફરજ પરના તબીબે તપાસ કર્યા બાદ તેમને મૃત જાહેર કર્યા હતા.

યાર્નના ભાવો અંકુશમાં લેવા સરકાર નિષ્ફળ

ઈઝરાયલ-ઈરાન યુદ્ધના બહાને યાર્નના ભાવમાં ઉછાળો, સુરતના વિવર્સમાં રોષ

મધર, વિસ્કોસ અને પોલિએસ્ટર યાર્નમાં 30થી 45 રૂપિયા સુધી વધારો

વિવિંગ ઉદ્યોગના કોસ્ટિંગમાં પ્રતિ મીટર 2થી 8 રૂપિયાનો ભાર

સુરતઃ મધ્ય પૂર્વમાં ઊભી થયેલી ઈઝરાયલ-ઈરાન યુદ્ધ જેવી તંગ પરિસ્થિતિનું કારણ બતાવી યાર્ન ઉત્પાદકો અને ટ્રેડર્સો દ્વારા યાર્નના ભાવમાં સતત વધારો કરવામાં આવી રહ્યો હોવાના આક્ષેપો સામે આવ્યા છે. સુરતના વિવિંગ ઉદ્યોગકારોમાં ચિંતા અને અસંતોષ જોવા મળી રહ્યો છે. ઉદ્યોગકારોના જણાવ્યા મુજબ થોડા દિવસો પહેલાં સુધી મધર યાર્નનો ભાવ પ્રતિ કિલો આશરે 100 રૂપિયા હતો, જે વધીને હાલમાં 145થી 150 રૂપિયા સુધી પહોંચી ગયો છે. આ સાથે વિસ્કોસ યાર્નનો ભાવ 215થી 220 રૂપિયા પ્રતિ કિલોથી વધીને 245થી 250 રૂપિયા સુધી પહોંચી ગયો છે. પોલિએસ્ટર યાર્ન, જે પહેલાં 122 રૂપિયા પ્રતિ કિલો હતો, તે પણ વધીને હાલમાં લગભગ 160 રૂપિયા સુધી પહોંચી ગયો છે.

યાર્નના ભાવમાં થયેલા આ ઉછાળા કારણે તૈયાર થતા કાપડના ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે. ઉદ્યોગકારો મુજબ પ્રતિ મીટર કાપડના કોસ્ટિંગમાં અંદાજે 2 થી 8 રૂપિયા સુધીનો વધારો થયો છે, જેના કારણે બજારમાં સ્પર્ધાત્મકતા જાળવી રાખવી વિવરો માટે મુશ્કેલ બની રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર દેશમાં ઉપયોગ થતું પોલિએસ્ટર યાર્નમાંથી અંદાજે 60 ટકા જેટલો ઉપયોગ માત્ર સુરત શહેરના વિવરો દ્વારા થાય છે. તેથી યાર્નના ભાવમાં થતો કોઈપણ ફેરફાર સીધી રીતે સુરતના કાપડ ઉદ્યોગ પર અસર કરે છે.

વિવરોનો આક્ષેપ છે કે કેટલાક યાર્ન વેપારીઓ દિવસ દરમિયાન વેચાણ બંધ રાખી સાંજના સમયે જ સેલ શરૂ કરે છે. આ રીતે બજારમાં કૃત્રિમ અછત ઊભી કરી ઊંચા ભાવ વસૂલવામાં આવી રહ્યા હોવાનું તેઓ કહે છે. ઉદ્યોગકારોનું માનવું છે કે યુદ્ધ જેવી પરિસ્થિતિને બહાનું બનાવી કેટલાક ઉત્પાદકો અને ટ્રેડર્સો આફતને અવસરમાં ફેરવવાનો પ્રયાસ કરી રહ્યા છે. સચિન ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના ડિરેક્ટર મહેન્દ્ર રામોલિયાએ જણાવ્યું હતું કે, "કૃત્રિમ અછત ઉભી સ્પિનર્સ કાળા બજાર કરી રહ્યાં છે.

LPG ગેસના કાળાબજાર સામે કોંગ્રેસનો વિરોધ, કાર્યકરોની અટકાયત

સુરતઃ શહેરમાં એલપીજી ગેસ સિલિન્ડરના કથિત કાળાબજાર સામે શહેર કોંગ્રેસના ઉપપ્રમુખ હરીશ સૂર્યવંશીની આગેવાનીમાં કાર્યકરોએ ભાગળ ચાર રસ્તા ખાતે એકઠા થયા હતા અને ભાજપ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રોધ પ્રદર્શન કર્યા હતા. પોલીસે વિરોધ કરી રહેલા કાર્યકરોની અટકાયત કરી હતી. શહેર કોંગ્રેસના ઉપપ્રમુખ હરીશ સૂર્યવંશીએ જણાવ્યું હતું કે શહેર પ્રમુખ વિપુલ ઉધનાવાલાના નિર્દેશ પર વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના નેતાઓએ આરોપ લગાવ્યો કે પોલીસે ભાજપના દબાણ હેઠળ કાર્યવાહી કરી અને કાર્યકરોને પ્રદર્શન કરતાં અટકાવ્યા હતા. આ વિરોધ પ્રદર્શનમાં જયેશ ભટ્ટ, સંતોષ પાટિલ, અશોક કોઠારી, રોશન મિશ્રા, મમતા સવાણી, સંજુ દીક્ષિત અને લઘુમતી સેલના પ્રમુખ મુકદ્દર રંગુની સહિત મોટી સંખ્યામાં મહિલા કાર્યકરો પણ હાજર રહ્યા હતા.

સ્ટંટ બાઇક શો, પ્રૂવિંગ ગ્રાઉન્ડઃ થ્રિલ ઓન વ્હીલ

■ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ૧૬ માર્ચ ૨૦૨૬ સુધી આયોજિત 'સુરત ઈન્ટરનેશનલ ઓટો એક્સપો ૨૦૨૬'માં બાઇકના સ્ટંટનો શો યોજાયો હતો.

લિંબાયત લાંચ કેસમાં ફરાર પરવાનાના આગોતરા નામંજૂર

બાંધકામ નહીં તોડવા માટે લાંચ કેસમાં લિંબાયત ઝોનના વિપુલ ગણેશવાલાની ધરપકડ થઈ હતી

સુરતઃ બાંધકામ નહીં તોડવાના બદલામાં લાખો રૂપિયાના લાંચ કેસમાં ભાંગતા ફરતા આરોપી મોહમ્મદ ઈસ્માઈલ ઉર્ફે પરવાના જમિલખાન પઠાણની આગોતરા જામીન અરજી એસીબી સ્પેશિયલ કોર્ટે ફગાવી દીધી હતી.

લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલા સંતોષ ઈન્ડસ્ટ્રિયલ પ્લોટ નં. 134-135ના બાંધકામની ડિમોલીશન કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ ગેરકાયદે બાંધકામ ન તોડવા માટે આરોપીઓએ ફરિયાદી પાસે 21 લાખની માંગણી કરી હતી, જે રકઝકના અંતે 15 લાખની રકમ નક્કી કરવામાં આવી હતી. આ લાંચ સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનનાં કાર્યપાલક ઈજનેર વિપુલકુમાર શશિકાંત ગણેશવાલા સાથે મળી આરોપીએ માંગી હતી. ફરિયાદીએ લાંચ આપવી નહોતી, જેથી એસીબીનો સંપર્ક કર્યો હતો. તા. ૧૯-૨-૨૦૨૬ના રેજ એસીબીએ ટ્રેપ ગોઠવી હતી. આરોપી પરવાના જમિલખાન પઠાણ ફરિયાદી પાસેથી ચાર લાખ સ્વીકાર્યા અને ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. આ કેસમાં એસીબીએ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, 1988 ની કલમ 7 કલમ 7(A) કલમ 12 કલમ 13(1)(a) કલમ 13(2) મુજબ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

જે કેસમાં આરોપી પરવાનાએ કોર્ટમાં આગોતરા જામીનઅરજી કરતાં સરકાર પક્ષે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલા અરજીનો વિરોધ કરી રજૂઆત કરી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરી હતી.